For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વહેલી સવારથી અધિકારીઓની ટીમે શો-રૂમમાં સરવે ઓપરેશન હાથ ધર્યું

# અલકાપુરીના સીએચ જ્વેલર્સ પર આવકવેરા વિભાગનો સરવે : હિસાબી ચોપડા અને ડિજિટલ ડેટાની તપાસ

**ટેક્સ** ચોરી અને બિનહિસાબી વ્યવહારોની શંકા વચ્ચે સોની બજારમાં ફફડાટ; ગ્રાહકોની અવરજવર પર પ્રતિબંધ



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના પોશ વિસ્તાર અલકાપુરીમાં આવેલા જાણીતા સીએચ જ્વેલર્સના શો-રૂમ પર આવકવેરા વિભાગે વહેલી સવારથી સરવે હાથ ધરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આવકવેરા વિભાગના ઉચ્ચ અધિકારીઓનો કાફલો અચાનક શો-રૂમ પર પહોંચ્યો હતો અને ત્યારબાદ દસ્તાવેજો તેમજ નાણાકીય વ્યવહારોની તપાસ શરૂ કરવામાં આવી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, આવકવેરા વિભાગના અધિકારીઓએ સીએચ જ્વેલર્સના શો-રૂમમાં સર્ચ દરમિયાન હિસાબી ચોપડા, બિલિંગ બુક્સ, ખરીદ-વેચાણના રજિસ્ટર સહિતના દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી હતી. આ ઉપરાંત શો-રૂમમાં રહેલા કમ્પ્યુટર, હાર્ડ ડિસ્ક અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં રહેલા ડિજિટલ ડેટાની પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

મોટા નાણાકીય વ્યવહારો તથા સંભવિત ટેક્સ ચોરીના મુદ્દે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું પ્રાથમિક તબક્કે ચર્ચાઈ રહ્યું છે. અધિકારીઓ દ્વારા જ્વેલર્સના બેંક ખાતાઓ, નાણાકીય વ્યવહારો અને ખરીદ-વેચાણના રેકોર્ડ વચ્ચેની વિગતોની સરખામણી કરવામાં આવી રહી છે. શો-રૂમમાં રહેલા દાગીનાના સ્ટોકની પણ સંચાલકોની હાજરીમાં ચકાસણી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સર્ચ ઓપરેશનની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે શો-રૂમની બહારથી અવરજવર નિયંત્રિત કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન ગ્રાહકો સહિત કોઈપણ બહારની વ્યક્તિને અંદર પ્રવેશ આપવામાં આવ્યો નહોતો.

અલકાપુરીમાં જાણીતા જ્વેલર્સને ત્યાં આવકવેરા વિભાગનો સરવેથી શહેરના સોની બજાર અને અન્ય અગ્રણી જ્વેલર્સમાં પણ ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, આવકવેરા વિભાગની સરવે કામગીરી પૂર્ણ થયા બાદ જ કાર્યવાહીનું ચોક્કસ કારણ અને કોઈ બિનહિસાબી વ્યવહાર કે કરચોરી મળી આવી છે કે કેમ તેની સત્તાવાર વિગતો સ્પષ્ટ થશે.

### વડાપ્રધાનના વડોદરા પ્રવાસને લઈને તંત્ર એલર્ટ

# અગ્ર સચિવ એમ. થેન્નારસને MSU પેવેલિયન ગ્રાઉન્ડની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી

**સુરક્ષા,** ટ્રાફિક, પાર્કિંગથી માંડી બેઠક વ્યવસ્થા સુધીની કામગીરી સમયસર પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના



(પ્રતિનિધિ) વડોદરા તા.3

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસને ધ્યાને રાખીને વડોદરા મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે. વડાપ્રધાનના પ્રવાસને સફળ અને સુરક્ષિત બનાવવા માટે શહેરમાં તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. આ તૈયારીઓની આખરી સમીક્ષા કરવા માટે રાજ્યના અગ્ર સચિવ એમ. થેન્નારસન ખાસ વડોદરા આવી પહોંચ્યા હતા.

અગ્ર સચિવ એમ. થેન્નારસન અને વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ એમ.એસ. યુનિવર્સિટીના પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે રૂબરૂ પહોંચીને સ્થળની ઝીણવટભરી તપાસ કરી હતી. આ નિરીક્ષણ દરમિયાન વડોદરા શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ પાલિકાના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

સ્થળ સમીક્ષા દરમિયાન કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપવા માટે તમામ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સુરક્ષા વ્યવસ્થા, સુચારુ ટ્રાફિક નિયમન, વાહનોના પાર્કિંગ, સ્ટેજ નિર્માણ, વીઆઈપી મુવમેન્ટ તથા કાર્યક્રમમાં હાજર રહેનારી જાહેર જનતા માટે બેઠક વ્યવસ્થા અને પ્રાથમિક સુવિધાઓની ઉપલબ્ધતા અંગે સ્થળ પર જ વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

અગ્ર સચિવ અને મ્યુનિસિપલ કમિશનરે તમામ બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કરીને ઉપસ્થિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વડાપ્રધાનના આ મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન સંપૂર્ણપણે સુરક્ષિત, સુચારુ અને વિના વિઘ્ને સંપન્ન થાય તે માટે પાલિકા તંત્ર અને પોલીસ વિભાગ વચ્ચે યોગ્ય સંકલન જાળવીને તમામ બાકી કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરી લેવા માટે આકરા આદેશો આપવામાં આવ્યા છે.

# ૮૧ વર્ષીય વૃદ્ધાના હાથ પર એક્યુપ્રેશર સ્ટિકથી હુમલો કરી સોનાની બંગડી લૂંટી

**વહેલી સવારે** ઘરમાં ઘૂસેલી અજાણી મહિલાએ રૂ.૧.૭૦ લાખની ૩૫ વર્ષ જૂની બંગડી બળજબરીથી કાઢી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં લાલબાગ બ્રિજ પાસે આવેલી જગન્નાથમ પુરમ સોસાયટીમાં એકલી રહેતી 81 વર્ષીય વૃદ્ધાને વહેલી સવારે અજાણી મહિલાએ નિશાન બનાવી હતી. ઘરમાં ઘૂસેલી મહિલાએ વૃદ્ધાના હાથમાંથી સોનાની બંગડી કાઢવાનો પ્રયાસ કરતાં વૃદ્ધાએ પ્રતિકાર કર્યો હતો. જેથી મહિલાએ ઘરમાં પડેલી એક્યુપ્રેશર સ્ટિક વડે વૃદ્ધાના હાથ પર હુમલો કરી રૂ.1.70 લાખની સોનાની બંગડી લૂંટી ફરાર થઈ ગઈ હતી.

જગન્નાથમ પુરમ સોસાયટીમાં રહેતા 81 વર્ષીય લીલાબેન પટેલ પોતાના એક માળના મકાનમાં એકલા રહે છે અને પેન્શન પર જીવન ગુજારે છે. વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેઓ બેઠક રૂમમાં સોફા પર સૂતા હતા. દરમિયાન એક અજાણી મહિલા ઘરમાં પ્રવેશી તેમના ડાબા હાથમાં પહેરેલી ડિઝાઈનવાળી સોનાની બંગડી કાઢવા લાગી હતી.

બંગડી કાઢતાં લીલાબેન જાગી ગયા અને મહિલાનો હાથ પકડી લેતાં બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન મહિલાએ એક્યુપ્રેશર સ્ટિક વડે લીલાબેનના ડાબા હાથ પર હુમલો કર્યો હતો. જેમાં કાંડા અને અંગૂઠાના ભાગે ઈજા થઈ હતી. ત્યારબાદ મહિલાએ આશરે 12 ગ્રામ વજનની અને રૂ.1.70 લાખની કિંમતની 35 વર્ષ જૂની સોનાની બંગડી બળજબરીથી કાઢી લીધી હતી.

લીલાબેને બૂમાબૂમ કરતાં મહિલા ફરાર થઈ ગઈ હતી. બનાવની જાણ સ્વજનોને કર્યા બાદ લીલાબેને પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી ફરાર મહિલાને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

#### લૂંટ કરનાર મહિલાની ધરપકડ

દાગીન અને લૂંટ કરનાર સવિતાબેન હરીસિંહ રાઠોડ (રહેવાસી મ.નં. બી/૨૬, બજરંગનગર, ચીત્રાસોસાયટી, દંતેશ્વર, મકરપુરા) ની માંજલપુર પોલીસે ધરપકડ કરી લીધી છે. બીજી તરફ પોલીસે ચોરીના દાગીના ખરીદનાર લાલજી હરજીવનદાસ સંચાલકોને પૂછપરછ માટે બોલાવ્યા હતા. તેમના નિવેદન લીધા કે નહીં તે બાબતેની પૂછપરછ કરવા માંજલપુર પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીને ફોન કરતા તેઓએ ઉપાડવાનું બંધ કરી દીધું હતું. જેથી માંજલપુર પોલીસની પણ શંકાસ્પદ ભૂમિકા હોવાની ચર્ચા જોર પકડ્યુ છે.

### રાજકીય આશીર્વાદથી ચાલતા એકમો બંધ કરાવવા લોકમાંગ

# લાઈસન્સ વગર ધમધમતા ખાદ્ય એકમો સામે કડક કાર્યવાહીની માંગ

**FSSAIના** નિયમોની ધજાગરા ઉડાવતા વેપારીઓ સામે મહાનગરપાલિકા કાયદાનો કોરડો વીંજશે?

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખા દ્વારા શહેરભરમાં હાથ ધરવામાં આવેલી સઘન તપાસ અને ચેકિંગ ઝુંબેશ બાદ ખાદ્યપદાર્થોનો વ્યવસાય કરતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલો, રેસ્ટોરન્ટો, ધાબાઓ અને ખાદ્યસામગ્રી વેચતી દુકાનો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ( FSSAI) ના એક્ટ અને નીતિનિયમો અનુસાર, ખાદ્યપદાર્થોનો વેપાર કે વ્યવસાય કરતી દરેક વ્યક્તિ અથવા સંસ્થા માટે યોગ્ય લાઈસન્સ કે રજિસ્ટ્રેશન મેળવવું કાયદાકીય રીતે અત્યંત ફરજિયાત છે. આમ છતાં, વડોદરા શહેરમાં કાયદા અને નીતિનિયમોની ધજાગરા ઉડાડીને અનેક સંચાલકો કોઈપણ જાતના માન્ય લાઈસન્સ કે નોંધણી વગર જ બેરોકટોક ધંધો ચલાવી રહ્યા હોવાનું સામે આવ્યું છે. કાયદા મુજબ જો લાઈસન્સ ન હોય તો સંબંધિત વેપારીઓ સામે 'એડજ્યુડિકેટિંગ ઓફિસર' સમક્ષ કેસ દાખલ કરીને કાનૂની કાર્યવાહી કરવાની જોગવાઈ રહેલી છે.

કોઈ આકસ્મિક તપાસ કે સ્થાનિક સ્તરેથી ફરિયાદ ઉઠે ત્યારે જ આવી લાઈસન્સ વગર ચાલતી દુકાનો અને હોટલો પકડાય છે અને તેને તાત્કાલિક ધોરણે બંધ કરાવવામાં આવે છે. સ્થાનિકોમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, આવા અનેક બિનઅધિકૃત એકમોને રાજકીય અગ્રણીઓ કે વહીવટી આશીર્વાદ પ્રાપ્ત હોવાથી તેઓ કાયદાથી અજાણ બનીને બેફામ ધંધો કરી રહ્યા છે.

જ્યારે પ્રજાના અને નાગરિકોના આરોગ્ય અને સ્વાસ્થ્યનો ગંભીર સવાલ ઊભો થતો હોય, ત્યારે રાજકીય નેતાઓ કે અગ્રણીઓએ આવા બિનકાયદેસર ધંધાકીય એકમોના બચાવમાં વચ્ચે પડવું જોઈએ નહીં તેવી લોકમાંગ ઉઠી છે. વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર વહેલી તકે કાયદાનો કડક કોરડો વીંજીને સમગ્ર શહેરમાં લાઈસન્સ અને રજિસ્ટ્રેશન વગર ચાલતા તમામ ખાદ્ય એકમો સામે આકરાં પગલાં ભરે તેવી માંગ બળવત્તર બની છે. હવે એ જોવાનું રહેશે કે આવનારા દિવસોમાં પાલિકાનું તંત્ર આ દિશામાં કેટલું પરિણામલક્ષી અને કારગત પુરવાર થાય છે.

# અમદાવાદથી બંધ એર ટેક્સી સેવા હવે વડોદરા ખસેડાઈ

**પેસેન્જરોના** અભાવે અમદાવાદ-મુન્દ્રા રૂટ પર દરરોજ 9માંથી 5 રાઉન્ડ ખાલી જતા હતા : સાંસદ હેમાંગ જોષી

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષીએ એર ટેક્સી સેવા અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, એર ટેક્સી સેવા કેન્દ્ર સરકારની સબસિડી સાથે શરૂ કરવામાં આવે છે. પૂરતા પેસેન્જરો ન મળતા અને આર્થિક નુકસાનને કારણે અમદાવાદ-મુન્દ્રા વચ્ચેની એર ટેક્સી સેવા બંધ કરવામાં આવી છે. જોકે, સેવા સંપૂર્ણપણે બંધ કરવામાં આવી નથી અને હવે તેને વડોદરા એરપોર્ટ પર ખસેડવામાં આવી છે.

સાંસદે જણાવ્યું હતું કે, સરકાર અને એર ટેક્સી કંપની વચ્ચેના કરાર મુજબ પેસેન્જરોની ઉપલબ્ધતા પ્રમાણે ફ્લાઈટનું સંચાલન થાય છે. જે દિવસે પૂરતા ગ્રાહકો ન મળે તે દિવસે ફ્લાઈટ ઓપરેટ થતી નથી. સરકારની સબસિડી પણ ચોક્કસ સમયગાળા માટે હોય છે, ત્યારબાદ કંપનીએ પોતાની રીતે સેવા ટકાવી રાખવાની હોય છે. આવી સેવા સફળતાપૂર્વક સ્વનિર્ભર બની હોવાના અનેક ઉદાહરણો પણ છે.

અમદાવાદ-મુન્દ્રા રૂટ પર ત્રણ સીટરના નાના વિમાનમાં પેસેન્જરોના અભાવે દરરોજના સરેરાશ નવમાંથી પાંચ રાઉન્ડ ખાલી જતા હતા. અમદાવાદથી મુન્દ્રાનું વન-વે ભાડું આશરે રૂ.4,500 હોવાથી સામાન્ય મુસાફરો માટે આ સેવા મોંઘી સાબિત થતી હતી. ઉપરાંત અમદાવાદ એરપોર્ટના ખાનગીકરણ બાદ લેન્ડિંગ અને પાર્કિંગ ચાર્જ વધતાં સરકારી સહાય છતાં રૂટ નુકસાનકારક બન્યો હતો.

હવે રક્ષાબંધનના દિવસથી વડોદરા-મુન્દ્રા વચ્ચે એર ટેક્સી સેવા શરૂ કરાઈ છે. વડોદરા એરપોર્ટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના હસ્તક હોવાથી પાર્કિંગ અને ઓપરેશનલ ખર્ચ ઓછો રહેવાની શક્યતા છે.

### આરોગ્યમંત્રી સયાજી હોસ્પિટલની ઓચિંતી મુલાકાતે

# કિડની-કેન્સરની સારવાર હવે સરકારી સગવડમાં મળશે : પ્રફુલ પાનસેરીયા

**વિદ્યાર્થીઓ** સાથે સંવાદ, રેગિંગના મુદ્દે ચર્ચા કરી અને દર્દીઓની હાલાકી દૂર કરવા સમીક્ષા બેઠક




(પ્રતિનિધિ) વડોદરા. તા.૩

ગુજરાતના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ આજે વડોદરાની સયાજી હોસ્પિટલની અચાનક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે હોસ્પિટલમાં ચાલી રહેલા વિકાસ કાર્યો અને નવી સુવિધાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

મંત્રી પ્રફુલ પાનસેરીયાએ હોસ્પિટલ પરિસરમાં નિર્માણાધીન નવી ઈમારતનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ નવી અત્યાધુનિક ઈમારત શરૂ થયા બાદ વડોદરા અને મધ્ય ગુજરાતના દર્દીઓને કિડની, હૃદયરોગ અને કેન્સર જેવી ગંભીર બીમારીઓની નિષ્ણાત સારવાર હવે સરકારી હોસ્પિટલમાં જ વિનામૂલ્યે કે રાહતદરે મળી રહેશે. મંત્રીએ જણાવ્યું હતું કે આ નવી ઈમારત વડોદરાના નાગરિકો માટે ખરેખર આશીર્વાદરૂપ સાબિત થશે.

હોસ્પિટલ મુલાકાત દરમિયાન મંત્રીએ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી અને રેગિંગ જેવી ગંભીર બાબતો પર ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓની સુરક્ષા અને શૈક્ષણિક વાતાવરણને પ્રાધાન્ય આપવા માટે તેમણે સત્તાધીશો સાથે સમીક્ષા બેઠક યોજી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, દર્દીઓને હોસ્પિટલમાં કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે માટે ખાસ સમીક્ષા બેઠક યોજીને તંત્રને કડક સૂચનાઓ આપવામાં આવી છે.

જન આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે રાજ્ય સરકારે હવે સખતરૂખ અપનાવ્યો છે. મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરતા અખાદ્ય પદાર્થો, માવા અને સોસ બનાવનારા અનધિકૃત વેપારીઓ સામે સરકાર દ્વારા કડકથી કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ મુલાકાતે વડોદરાના આરોગ્ય તંત્રમાં ભારે હલચલ મચાવી દીધી છે અને દર્દીઓમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થયો છે.

# G-SQAAF સ્વ-મૂલ્યાંકનની મુદત ૮ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ

**સમયસર** પ્રક્રિયા પૂર્ણ નહીં કરનારી શાળાઓનું સીધું બાહ્ય-મૂલ્યાંકન થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

નેપ 2020 અંતર્ગત રાજ્યમાં અમલી બનેલા ગુજરાત સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન ફ્રેમવર્કના ઓનલાઈન સ્વ-મૂલ્યાંકન માટેની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે. અગાઉ 31 ઓગસ્ટ હતી તે તારીખ હવે વધારીને 8 સપ્ટેમ્બર 2026 કરાઈ છે.

રાજ્ય સરકારને આ ફ્રેમવર્ક અંગે શાળાઓ અને સંચાલક મંડળો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. 1 સપ્ટેમ્બર સુધીના આંકડા મુજબ રાજ્યની કુલ શાળાઓ પૈકી 76 ટકા એટલે કે 40,678 શાળાઓએ સ્વ-મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કરી દીધી છે, જ્યારે 18 ટકા શાળાઓમાં પ્રક્રિયા ચાલુ છે. હજુ પણ 5 ટકા એટલે કે 2,714 શાળાઓમાં કામગીરી શરૂ જ થઈ નથી. કાર્યરત અને બિન-કાર્યરત શાળાઓ તેમજ શિક્ષક-સંચાલક મંડળોની રજૂઆતોને ધ્યાને લઈ સરકારે મુદત લંબાવી છે. શિક્ષણ વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે સુધારેલી સમયમર્યાદામાં પણ કામગીરી પૂર્ણ નહીં કરનારી શાળાઓનું શિક્ષણ વિભાગ દ્વારા નિમાયેલા નિષ્ણાત વેરીફાયર્સ દ્વારા સીધું બાહ્ય-મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. નિયત સમયમાં જોડાનારી ન હોય તેવી શાળાઓ સામે કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે. જેમાં પ્રાથમિક શાળાઓ માટે આરટીઈ નિયમો અને ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 હેઠળ ડીપીઈઓ દ્વારા માન્યતા રદ કરવા સુધીના પગલાં, જ્યારે ધો. 9 થી 12 ની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જીએસએચએસઈબીના નિયમો અનુસાર નોંધણી પ્રમાણપત્ર રદ, બોર્ડ પરીક્ષા કેન્દ્રની માન્યતા રોકવી અને નવા વર્ગો શરૂ કરવાની મંજૂરી સ્થગિત કરવા જેવા પગલાં લેવામાં આવશે.

### કલેક્ટરની અધ્યક્ષતામાં લેન્ડ ગ્રેબિંગ સમિતિના નિર્ણય બાદ કાર્યવાહી

# ૪ વર્ષથી સરકારી જમીન પર કબજો કરનાર વેબ્રિજ સંચાલક સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો

**હરણી** એરફોર્સ ગેટ સામેની કરોડોની જમીન મામલે માર્ગ-મકાન વિભાગની ફરિયાદ; આરોપીની અટકાયત




(પ્રતિનિધિ) વડોદરા, તા.3

હરણી-હાલોલ રોડ પર હરણી એરફોર્સ ગેટ સામે આવેલી કરોડો રૂપિયાની સરકારી જમીન પર છેલ્લા ચાર વર્ષથી ચાલતા કથિત ગેરકાયદેસર કબજા મામલે આખરે માર્ગ અને મકાન વિભાગે કાયદેસરની કાર્યવાહી કરી છે. સરકારી જમીન પર કબજો જમાવી 'સુપ્રીમ લોરી વેબ્રિજ' ચલાવતા સંચાલક સત્તાર ઘાણીવાલા સામે હરણી પોલીસ મથકે ગુજરાત જમીન પચાવી પાડવા પર અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, વર્ષ 2022માં સરકારી જમીન પર તાર ફેન્સિંગની કામગીરી દરમિયાન ગેરકાયદેસર દબાણની બાબત સામે આવી હતી. ત્યારબાદ માર્ગ અને મકાન વિભાગે સંબંધિત આસામીને નોટિસ આપી હતી. જોકે, જગ્યા ખાલી ન કરાતાં મામલો વડોદરા કલેક્ટર સમક્ષ પહોંચ્યો હતો. ગત 18 જુલાઈ, 2026ના રોજ કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક મળી હતી. બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ સંચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ આધારે 31 ઓગસ્ટે કાર્યપાલક ઈજનેર બી.એન. ચૌધરીની ફરિયાદથી હરણી પોલીસે સત્તાર ઘાણીવાલા સામે અધિનિયમની કલમ 4 મુજબ ગુનો નોંધ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપીની અટકાયત કરવામાં આવી છે. રેકોર્ડ આધારિત પુરાવા એકત્ર કરી સમયમર્યાદામાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

#### અધિકારીઓની ભૂમિકા સામે શંકાની શોય

ચાર વર્ષ સુધી સરકારી જમીન પર કબજો હોવા છતાં તાત્કાલિક કાર્યવાહી કેમ ન થઈ તે મુદ્દે તંત્ર સામે સવાલો ઊઠ્યા છે. આ ઉપરાંત વિસ્તારમાં ટ્રક, આઇસર અને ટ્રેલરોના ગેરકાયદે પાર્કિંગ કરાવી નાણાં વસૂલવાના આક્ષેપોની પણ તપાસની માંગ ઉઠી છે. હવે જવાબદાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી થશે કે કેમ તે જોવાનું રહેશે.

## આજે દેશભરમાં કૃષ્ણ જન્માષ્ટમીની ભક્તિમય ઉજવણી

# રાત્રે ૧૧ વાગ્યા સુધી રોહિણી નક્ષત્રનો યોગ; જન્મ સમયે ચંદ્ર વૃષભ રાશિમાં રહેશે

**મધરાતે** બાળગોપાળના પૂજન-અભિષેકનું વિશેષ મહત્ત્વ; ઉપવાસ અને મંત્રજાપથી આધ્યાત્મિક લાભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3


શ્રાવણ વદ આઠમ, શુક્રવાર તા.4 સપ્ટેમ્બરે દેશભરમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ એટલે કે જન્માષ્ટમી પર્વ ભક્તિ અને ઉત્સાહભેર ઉજવવામાં આવશે. આ વર્ષે જન્માષ્ટમીના દિવસે રાત્રે 11 વાગ્યા સુધી રોહિણી નક્ષત્રનો શુભ યોગ રહેશે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મ સમયે ચંદ્ર પોતાની ઉચ્ચ રાશિ વૃષભમાં રહેવાનો હોવાથી આ પર્વનું ધાર્મિક મહત્ત્વ વધુ વિશેષ હોવાનું શાસ્ત્રીઓ જણાવી રહ્યા છે. દેશભરના મુખ્ય કૃષ્ણ મંદિરોમાં આજે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શાસ્ત્રી રાજદીપ જોશીના જણાવ્યા મુજબ, વર્ષમાં ચાર મહારાત્રિ ગણવામાં આવે છે, જેમાં કાળી ચૌદશની કાલરાત્રિ, મહાશિવરાત્રિની મહારાત્રિ, જન્માષ્ટમીની મોહરાત્રિ અને હોળીની દારૂણરાત્રિનો સમાવેશ થાય છે. જન્માષ્ટમીની મોહરાત્રિએ કરવામાં આવતી પૂજા, પાઠ અને અનુષ્ઠાનનું વિશેષ મહત્ત્વ છે.

જન્માષ્ટમીની મધરાતે 12 વાગ્યે બાળગોપાળનું પૂજન શુભ માનવામાં આવે છે. બાજોઠ પર સફેદ વસ્ત્ર પાથરી ચોખાની ઢગલી ઉપર બાલગોપાળની મૂર્તિ અથવા છબી પધરાવી જળ, પંચામૃત અને સાકરવાળા દૂધથી અભિષેક કરવામાં આવે છે. ત્યારબાદ વસ્ત્ર, મુગટ, ચંદન, કંકુ, અક્ષત, ધૂપ-દીપ અને મીઠાઈ, માખણ-મિશ્રી કે દહીંનો નૈવેધ ધરાવી આરતી કરવામાં આવે છે. 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' અથવા 'ઓમ ક્લીમ કૃષ્ણાય નમઃ' મંત્રનો જાપ પણ શુભ માનવામાં આવે છે.

#### શ્રીકૃષ્ણ સાથે 'આઠ' અંકનું વિશેષ જોડાણ

શાસ્ત્રોમાં ભગવાન શ્રીકૃષ્ણ સાથે આઠ અંકનો વિશેષ સંબંધ દર્શાવવામાં આવ્યો છે. તેઓ વિષ્ણુના આઠમા અવતાર, દેવકી-વસુદેવના આઠમા સંતાન અને શ્રાવણ વદ આઠમના દિવસે જન્મ્યા હતા. જન્માષ્ટમીએ શ્રીકૃષ્ણની ભક્તિ કરવાથી શનિ સંબંધિત પીડામાં રાહત મળતી હોવાની પણ ધાર્મિક માન્યતા છે.



#### શ્રાવણનો છેલ્લો સોમવાર અને અજા એકાદશીનો શુભ સંગમ

તા. ૦૭ સપ્ટેમ્બરના રોજ શ્રાવણ વદ અગિયારસ (અજા એકાદશી) અને શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર એક જ દિવસે આવતો હોવાથી આ દિવસનું મહાત્મ્ય બમણું થઈ ગયું છે. આ પવિત્ર દિવસે સવારે વહેલા ઊઠી નિત્યકર્મ પતાવી શાલિગ્રામની પૂજા કરી તુલસીપત્ર અર્પણ કરવા. ત્યારબાદ શિવમંદિરે જઈ શિવલિંગ પર જળ, દૂધ, ચોખા અને જનોઈ ચડાવી ૐ નમઃ શિવાયની માળા કરવી. પીપળાના વૃક્ષને જળ અર્પી પ્રદક્ષિણા કરવાથી અને રાત્રે ૧૨ વાગ્યા સુધી જાગરણ કરી બ્રાહ્મણ ભોજન કરાવવાથી જીવનની તમામ મુસીબતો દૂર થાય છે. આ દિવસે ભગવાન વિષ્ણુની આરાધના સાથે ઉપવાસ રાખી એકાદશીની કથા શ્રવણ કરવી. ગરીબોને અન્ન, વસ્ત્ર અને ચીજવસ્તુઓનું દાન કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે અને પરિવાર સુખ, શાંતિથી ભરપૂર રહે છે.

### વોટ્સએપ પર આવેલા મેસેજની લિંક ખોલતાં મોબાઈલ હેક થયો

# RTO ઈ-ચલણના નામે APK ફાઈલ ખોલતાં વૃદ્ધના ખાતામાંથી રૂ.૭.૪૬ લાખ ઉપડી ગયા

**APK ફાઇલ** કે શંકાસ્પદ લિંક આવે તો સાવધાન : ખરાઈ કર્યા વિના ફાઇલ ઓપન કરવી ભારે પડી શકે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરા શહેરમાં સાયબર ઠગોએ RTO ઈ-ચલણના નામે મોકલેલી APK ફાઈલના માધ્યમથી 65 વર્ષીય વૃદ્ધને નિશાન બનાવી તેમના બેંક ખાતામાંથી રૂ.7.46 લાખની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધી હતી. મોબાઈલ હેક કર્યા બાદ ઠગોએ કોલ ફોરવર્ડિંગ સક્રિય કરી બેંકના વ્યવહારો પર નજર રાખી હોવાની વિગતો સામે આવી છે. બનાવ અંગે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગોત્રી વિસ્તારમાં યસ કોમ્પલેક્ષ પાછળ આવેલી આનંદ વિલાસ સોસાયટીમાં રહેતા 65 વર્ષીય મિતેશકુમાર દવે મકરપુરા GIDC વિસ્તારમાં દુકાન ચલાવે છે. તા.1 સપ્ટેમ્બરના રોજ બપોરે તેમના મોબાઈલ પર વોટ્સએપ મારફતે RTO ઈ-ચલણ અંગેનો મેસેજ આવ્યો હતો. મેસેજમાં તેમના વાહન સામે ચલણ ઈશ્યૂ થયું હોવાનું જણાવી વધુ વિગતો માટે APK ફાઈલ ખોલવા જણાવાયું હતું. મેસેજ સાચો હોવાનું માની દવેએ APK ફાઈલ ઓપન કરતાં તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો.

ત્યારબાદ સાયબર ઠગોએ મોબાઈલમાં આવતા ઈનકમિંગ કોલ અલગ-અલગ નંબરો પર ફોરવર્ડ કરી દીધા હતા. આ દરમિયાન તેમના કેનરા બેંક ખાતામાંથી અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂ.7.46 લાખ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવાયા હતા.

ખાતામાંથી રકમ ઉપડી ગયાની જાણ થતાં દવેએ તાત્કાલિક બેંકની હેલ્પલાઈનનો સંપર્ક કરી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન બંધ કરાવ્યા હતા. બાદમાં સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

#### એપીકે ફાઇલ આવે તો સતેજ થઈ જાઓ

RTO e-Challanના નામે આવેલા મેસેજની ખરાઈ કર્યા વિના APK ફાઇલ ઓપન કરવી સિનિયર સિટીઝનને ભારે પડી હતી. સાયબર ઠગોએ મોબાઇલના કોલ ફોરવર્ડિંગનો દુરુપયોગ કરી બેંક ખાતામાંથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. આ બનાવને પગલે અજાણી APK ફાઇલ અને શંકાસ્પદ લિંકથી સાવચેત રહેવાની જરૂરિયાત સામે આવી છે.